| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૪૦/૨૦૨૬.**
**આંકઃ ૧૦**

**અરજદાર/આરોપી.**

(૧) **રવિરાજ વાડુભાઈ ખાચર**
ઉ.વ..૨૮, વ્યવસાયઃ નોકરી,
રહે. કોઠારીયા સોલવન્ટ,
ગણેશપાર્ક શેરી નં. ૧ રાજકોટ

(૨) **મનીષભાઈ ઉર્ફે કકુ સન/ઓ. કમલેશભાઈ પરમાર**
ઉ.વ.૩૨, વ્યવસાયઃ રીક્ષા ડ્રાઈવીંગ,
રહે. નારાયણનગર,
હુશેની ચોકની બાજુમાં ભાડેથી,
કોઠારીયા સોલવન્ટ, રાજકોટ.
(**હાલઃ બન્ને જ્યુડિશિયઇ કસ્ટડી.**)

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**

(૧) **શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :- વિદ્વાન વકિલશ્રી પી.એમ.જાડેજા.**
**સામાવાળા તરફે :- વિદ્વાન એ.પી.પી.શ્રી એ.એ.સોસન.**

---

**ચુ કા દો –**

**૧.** રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૨૨૬૦૦૪૯/૨૦૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૯(૧),૧૧૫(૨),૧૧૮(૧),૧૮૯(૧),૧૮૯(૨),૧૮૯(૪), ૧૯૧(૨),૧૯૧(૩),૩૩૩,૩૫૨,૩૫૧(૩) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**૨.** આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

**3.** અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. હાલના અરજદારોએ કોઈને ઈજા કરેલ નથી. અરજદાર/આરોપીઓએ ફરીયાદી કે ભોગબનનારને ઈજા કરેલ નથી. અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ નથી. અરજદાર/આરોપીઓની મહત્વની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. અરજદાર/આરોપીઓનો કોઇ ગુનાહીત ઈતીહાસ નથી. ફરીયાદી ડિસ્ચાર્જ થઇ ગયેલ છે. અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ જનરલ આક્ષેપ કરેલ છે. વધુમા દલીલ કરી જણાવેલ છે કે, આ કામે અન્ય સહ આરોપીઓને અત્રેની કોર્ટ દ્રવારા રેગ્યુલર જામીન ઉપર મુકત

કરેલા છે, જેથી હાલના અરજદાર/આરોપીઓને પેરીટીનો લાભ આપવા રજુઆત કરેલ છે. અરજદાર/આરોપીઓ ઉપર પરવારની જવાબદારી રહેલ છે. અરજદાર કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. આ કામે અન્ય ઈજા પામનારને ગંભીર ઈજાઓ થયેલ છે. મેડીકલ સર્ટીફીકેટ પોલીસ પેપર્સમાં રજુ થયેલ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ કામે તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાવ્યા મુજબ આ કામના ફરીયાદી મુસ્કાનબેન ઈબનેમભાઇ ફારૂકી તથા ફરીયાદીના પતિ ઈબનેમભાઇ ફારૂકી તેના ઘરે હાજર હતા ત્યારે આ કામના આરોપીઓએ કુતરા બાબતે આપેલ ઠપકાનો જુનો ખાર રાખી તમામ આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસરની મંડળી બનાવી ફરીયાદીના ઘરમા ઘુસી ફરીયાદી તથા સાહેબ ઈબનેમભાઇ સાથે ઝઘડો કરી ધોકા પાઈપ વડે માર મારી આરોપી વીકી રણજીતભાઈ મકવાણાએ સાહેદ ઈબનેમભાઈને મારી નાખવાના ઈરાદે છાતીના ભાગે છરીનો ઘા મારી તથા આરોપી સંજયભાઈ રમેશભાઈ પાડલીયાએ ડાબા પગમા છરીનો ઘા મારી તેમજ આરોપી કિશન ઉર્ફે ગોગો રમેશભાઈ પાડલીયાએ માથાના ભાગે છરીના ત્રણ ઘા મારી સાહેદ

ઈબનેમભાઈને જીવલેણ ઈજાઓ પહોંચાડી તેઓનુ મોત નિપજાવવાની કોશીશ કરી તેમજ અન્ય આરોપીઓએ ફરીયાદીને ધોકા પાઈપ વડે જમણા હાથના કાંડાના ભાગે ઈજા પહોંચાડી તેમજ ફરીયાદીના મમ્મી નસીમબેનને જમણા હાથની હથેળીમા છરી વડે છરકો કરી તેમજ સાથળના ભાગે ધોકા પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડી તેમજ ફરીયાદીના પાડોશી ઈરજાબેન, હનીફાબેનને ધોકા પાઈપ વડે ઈજા પહોંચાડી તેમજ ફરીયાદીના પાડોશી ફૈજલભાઈના ડાબા હાથના પંજાના ભાગે છરીથી છરકા જેવી ઈજા પહોંચાડી તેમજ હાથે પગે ધોકા પાઈપથી ઈજા પહોંચાડી તેમજ ફીરયાદી તથા સાહેદને ભુંડા બોલી ગાળો બોલી તેમજ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકસંપ થઈ મહે.પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેરના હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત વંચાણે લેતા આરોપી વિકી તથા સંજયે છરી કાઢી ફરીયાદીના પતિને છાતીના ભાગે ઘા મારી દિધેલાનો આક્ષેપ છે. તથા આરોપી સંજયે ફરીયાદીના પતિને છરીના ૩ ઘા મારી દિધેલાનો આક્ષેપ છે. હાલના અરજદારે ઈજા પામનારને છરીથી ઈજા પહોંચાડેલાનો આક્ષેપ નથી. આ ગુનાના કામના અન્ય બે સહ આરપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામા આવેલ છે. ઈજા પામનાર ડિસ્ચાર્જ થઈ ગયેલ છે. અરજદાર રાજકોટના સ્થાનીક રહેવાસી છે. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી મળી આવે તેમ છે. આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી. હાલના અરજદાર/આરોપીઓ પુરતી મહત્વની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. પોલીસ પેપર્સ વંચાણે લેતા અને અરજદાર સામેનો આક્ષેપ ધ્યાને લેતા અરજદારને વધુ સમય જેલમા રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. જેથી નામ.હાઈકોર્ટના **સંજય ચંદ્રાના** ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા અરજદારોની

તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

**૧.** અરજદાર/આરોપીઓની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી નંબર **(૧) રવિરાજ વાડુભાઈ ખાચર,** ઉ.વ..૨૮, વ્યવસાયઃ નોકરી, રહે. કોઠારીયા સોલવન્ટ,ગણેશપાર્ક શેરી નં. ૧ રાજકોટ, **(૨) મનીષભાઈ ઉર્ફે કકુ સન/ઓ. કમલેશભાઈ પરમાર,** ઉ.વ.૩૨, વ્યવસાયઃ રીક્ષા ડ્રાઈવીંગ,રહે. નારાયણનગર, હુશેની ચોકની બાજુમાં ભાડેથી, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ નાઓને રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૨૨૬૦૦૪૯/૨૦૨૬ ભારતીય દંડ સંહિતાની કલમ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૩૩, ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત-જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

૧) અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે ધાક ધમકી કે લોભ, લાલચ, પ્રલોભન આપી ફોડવાની કોશિશ કરવી કે કરાવવી નહી તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

૩) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવો તથા તેમાં ફેરફાર થયે નવી વિગતો સંબંધિત કોર્ટમાં રજુ કરવાની રહેશે.

૪) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૫) અરજદાર આરોપીએ આ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

૬) વધુમાં, અરજદાર આરોપીએ તેમની વિરુધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ભારતની બહાર જવુ નહિ.

➢ જામીન સંબંધીત જયુડી.મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજુ કરવા.

હુકમ, આજ તારીખઃ ૧૧મી, માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઈ/ચા. સ્પે.જજ(પોકસો કોર્ટ)
અને એડી.સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*